**ક્રી.પ.અ.નં.૯૨/૨૦૨૩**

**ધોળકા ટાઉન પો.સ્ટે. ગુ.ર. નં.૧૧૧૯૨૦૨૦૨૩૦૨૨૧/૨૦૨૩**

**અરજદાર મહેબુબભાઈ ગુલામરસુલ રાધનપુરી ની મુદ્દામાલ એક વીવો કંપનીનો વાયર૧ ફોન પરત મેળવવા માટેની અરજી હેઠળ હુકમ:-**

૧. ક્રિ.પ્રો.કોડની કલમ-૪૫૧ અન્વયે હાલની અરજી ઉપરોકત મુદામાલ જે ઉપરોકત ગુન્હાના કામે કબજે કરેલ હોય, મુદામાલ પોતાના રોજબરોજનું સાધન હોવાનુ જણાવી, હાલની ફરીયાદનો નિર્ણય થવામાં સમય જાય તેમ હોય,પોલીસે તપાસના કામે મુદામાલ તરીકે ઉપરોકત મુદામાલ ને કબજે કરેલ હોય મુદામાલ જો પો.સ્ટેશનમાં એમનેએમ પડયો રહે તો તેના સ્પેરપાર્ટસને નુકશાન થાય તેમ હોય તેવા સંજોગોમાં તેઓને વચગાળાના ધોરણે મુદામાલ યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા માટેની માંગણી કરેલ છે.અરજી સબબ ત.ક.અ. નો અભિપ્રાય વંચાણે લીધો.

૨. ઉભય પક્ષોની હકીકતો જોતાં તેમજ રેકર્ડ પરની હકીકતોને લક્ષમાં લેતાં **બિલ** જોવામાં આવે તો તે અરજદારના નામે આ મુદ્દામાલ **ખરીદ થયેલ છે.** જેથી અરજદાર મુદ્દામાલના માલીક હોવાનું આ તબકકે ફલિત થાય છે.

૩. **નામ.સર્વોચ્ચ અદાલતે સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ૨૦૦૨(૮) સુપ્રિમ ટુ-ડે પાના નં.૫૨૫** માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાન્તો ને લક્ષમાં લેતા મુદામાલ તપાસના કામે જરુરી ન હોય તો પોલીસ કસ્ટડીમાં રાખવુ ના જોઈએ.

૪. આ કામમાં ઉભયપક્ષોની રજુઆતો અને નામ.સર્વોચ્ચ અદાલતના ચૂકાદામાં સ્થાપિત કરવામાં આવેલ ગુણોત્તર અને કેસની હકીકતોને લક્ષમાં લેતા,

મુદામાલ જયારે અરજદારના નામે હોય ત્યારે તેવા સંજોગોમાં વચગાળાના ધોરણે તેઓને શરતોને આધીન મુદામાલ  પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે, વળી તપાસના કામે મુદામાલની કોઈ આવશ્યકતા હોય તેવુ પણ જણાતુ નથી ,ત્યારે મુદામાલ પોલીસ કસ્ટડીમાં રાખવો ના જોઈએ, આ સંજોગોમાં હાલનો મુદામાલ પણ પો.સ્ટેશનમાં રાખવો ન્યાયોચિત જણાતુ નથી કે જયારે તેની કસ્ટડી અરજદારે માંગેલી હોય,વળી કેસનો ન્યાયી નિર્ણય થવામાં સમય જાય તેમ હોય ત્યાંસુધી મુદ્દામાલ પોલીસ કસ્ટડીમાં રાખવુ ન્યાયોચિત જણાતુ નથી. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચેનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

ઉપરોકત મુદામાલની કીંમતના દોઢી રકમના જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી નીચેની શરતોને આધીન કેસનો ન્યાયીક નિર્ણય ના થાય ત્યાંસુધી વચગાળાના ધોરણે સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**શ ર તો:–**

**અરજદારે,**

(૧) મુદામાલ આ કેસનો ન્યાયીક નિર્ણય ના થાય ત્યાં સુધી અન્ય કોઈ વ્યકિતને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવો કરાવવો નહિ.

(૨) આ અદાલત અગર તો અન્ય અદાલત આ ગુનાના કામે જયારે પણ મુદામાલ માંગે ત્યારે અને ત્યાં રજુ કરવાનો રહેશે.

(૩) મુદામાલ ભવિષ્યમાં ગુનાહીત કામે ઉપયોગ ના થાય તે રીતે ઉપયોગ કરવાનો રહેશે.

(૪) જામીન તથા બોન્ડ પો.સ્ટે. માં  આપવા તથા તે પેપર ત.ક.અ. એ ચાર્જશીટ સાથે સામેલ રાખવા અને અત્રેની કોર્ટમાં જમા કરાવવા.

ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતોનો ભંગ થશે તો મુદામાલ  જપ્ત કરવામાં આવશે.

આ હુકમની યાદી સંબંધિત પો.સ્ટે. ને ઈ–મેઈલ થી કરવી.

તા.૧૦–૦૫–૨૦૨૩

**(એચ. એસ. લાંગા)**
એડી. ચીફ. જ્યુ. મેજી. ધોળકા.
**યુનીક કોડ નં. જી.જે.૦૧૦૦૦**